# ગુજરાતના વહીવટી તંત્રમાં મેગા સર્જરી 28 IAS- 13 GAS અધિકારીની બદલી

**જૂનાગઢ** મનપા કમિશનર પ્રભવ જોશીની માત્ર બે મહિનામાં જ બદલીથી ચર્ચા

**પાંચ** જિલ્લાઓને નવા ડીડીઓ ; ઊર્જા, શહેરી વિકાસ અને સરકારી નિગમોમાં પણ મોટા ફેરફારો

**સુડાના** સીઈઓ રાજ સુથારને પોરબંદરના મ્યુનિ.કમિ. બનાવવામાં આવ્યા

### મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર નવી જવાબદારીઓ

આ ઉપરાંત GAS કેડરના 13 અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. વી.કે. પટેલને જીઆઈડીસી (GIDC)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, વાય. એસ. ચૌધરીને ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશનના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, જી.વી. મિયાણીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સચિવ, એમ.આર. પ્રજાપતિને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ તેમજ અન્ય અધિકારીઓને વિવિધ મહત્વપૂર્ણ હોદ્દાઓ પર નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. રાજ્ય સરકારનું માનવું છે કે આ વ્યાપક વહીવટી ફેરફારો દ્વારા શાસન વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ, ગતિશીલ અને પરિણામલક્ષી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરઃ રાજ્ય સરકારે વહીવટી તંત્રમાં વ્યાપક ફેરફારો કરતાં 28 IAS અને 13 GAS કેડરના અધિકારીઓની બદલી તથા નવી નિમણૂકોના આદેશ જાહેર કર્યા છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આ આદેશો હેઠળ મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, વીજ કંપનીઓ, સરકારી નિગમો અને વિવિધ મહત્વના વિભાગોમાં નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ બદલીઓમાં સૌથી વધુ ચર્ચા જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર પ્રભવ જોશીની માત્ર બે મહિનામાં થયેલી બદલી તેમજ રાજકોટના જંગલેશ્વર ડિમોલિશન તપાસ સમિતિના અધ્યક્ષ કેતન જોશીની બદલીને લઈને થઈ રહી છે. રાજ્ય સરકારે શહેરી વહીવટમાં પણ મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર પ્રભવ જોશીને ગાંધીનગર સ્થિત ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની જગ્યાએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ આઈ.આર. વાળાને જૂનાગઢ મનપાના નવા કમિશનર બનાવવામાં આવ્યા છે. ઉપરાંત સુથાર રાજ રમેશચંદ્રને પોરબંદર મહાનગરપાલિકાના કમિશનર અને સ્મિત સંતોષ લોઢાને સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે.

જિલ્લા પંચાયત સ્તરે પણ પાંચ જિલ્લાઓને નવા જિલ્લા વિકાસ અધિકારીઓ મળ્યા છે. એચ.જે. પ્રજાપતિને અમરેલી, કે.પી. જોશીને દેવભૂમિ દ્વારકા, ડી.કે. બ્રહ્મભટ્ટને ગાંધીનગર, હિરેન જિતેન્દ્રભાઈ બારોટને દાહોદ અને કે.એસ. ઝાલાને ડાંગ-આહવાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. સરકારે ઊર્જા અને જાહેર ક્ષેત્રના મહત્ત્વના નિગમોમાં પણ મોટા ફેરફારો કર્યા છે. ગૌરાંગ મકવાણાને ઉત્તર ગુજરાત વીજ કંપની ના મેનેજિંગ ડિરેક્ટર, કે.જે. રાઠોડને દક્ષિણ ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, એમ.ડી. ચુડાસમાને પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તથા ડી.કે. પટેલને ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઉપરાંત એમ.પી. પંડ્યાને ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર, બી.કે. જોશીને સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર, સી.બી. ગણાત્રાને ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયઝ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર અને પી.બી. રાઠોડને સ્કિલ ડેવલપમેન્ટના ડિરેક્ટર તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે.

# ઉત્તર પ્રદેશની ભાજપ સરકાર આખી યુનિવર્સિટીને તોડી પાડવા તૈયાર થઈ છે



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

સરકાર બદલાય ત્યારે ઘણું બધું બદલાઈ જતું હોય છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના રાજમાં બનેલી આખી યુનિવર્સિટીને ભાજપના રાજમાં તોડી પાડવાની તૈયારીઓ ચાલી રહી છે. રામપુર જિલ્લા ડેવલપમેન્ટ ઓથોરિટીએ મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીની ૩૮ ઇમારતોને તોડી પાડવાનો આદેશ પસાર કર્યો છે, જેનો શિલાન્યાસ સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાને લગભગ બે દાયકા પહેલાં તેમના ગૃહ જિલ્લા રામપુરમાં કર્યો હતો. આ આદેશ પાછળનું કારણ મંજૂર થયેલા નકશા વિના કરવામાં આવેલું બાંધકામ હોવાનું કહેવાય છે. રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટીનું કહેવું છે કે યુનિવર્સિટી કેમ્પસમાં કુલ ૪૦ ઇમારતો છે, જેમાંથી ૩૮ ઇમારતો મંજૂર નકશા પાસ કરાવ્યા વિના બનાવવામાં આવી હતી. આ ઇમારતો અંગે નોટિસ જારી કરવામાં આવી હતી અને ૧૫ દિવસની સમયમર્યાદા આપવામાં આવી હતી. હવે જ્યારે સમયમર્યાદા પસાર થઈ ગઈ છે, ત્યારે ૩૮ મકાનો તોડી પાડવાની તૈયારીઓ ચાલી રહી છે. આ યુનિવર્સિટીની સ્થાપના મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૫, હેઠળ કરવામાં આવી હતી, જે ઉત્તર પ્રદેશ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. તે સમયે મુલાયમસિંહ યાદવના નેતૃત્વમાં ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર હતી અને આઝમ ખાન તેમના મંત્રીમંડળમાં શહેરી વિકાસ અને સંસદીય બાબતોના મંત્રી હતા. તે જ વર્ષે ૧૮ સપ્ટેમ્બરના રોજ તત્કાલીન મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવે રામપુરમાં યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો હતો, જ્યારે ૨૦૧૨ માં અખિલેશ યાદવ સરકાર દરમિયાન જૌહર યુનિવર્સિટીનું ઔપચારિક રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ થઈ હતી. આઝમ ખાન ઇચ્છતા હતા કે યુનિવર્સિટીને લઘુમતી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવે, પરંતુ આ માટે યુનિવર્સિટી એક્ટમાં સુધારો જરૂરી હતો. ઉત્તર પ્રદેશ રાજ્યમાં સમાજવાદી પાર્ટી સત્તામાં હોવાથી સુધારા બિલ વિધાનસભા દ્વારા સરળતાથી પસાર થઈ ગયું, પરંતુ રાજ્યના તત્કાલીન રાજ્યપાલ બી.એલ. જોશીએ બિલ પર તાત્કાલિક હસ્તાક્ષર કર્યા ન હતા.બાદમાં ઘણા વિવાદો પછી બિલ મંજૂર થયું હતું અને યુનિવર્સિટીને લઘુમતી યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો હતો.

૨૦૧૭ માં ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકાર સત્તામાં આવ્યા પછી આઝમ ખાન અને જૌહર યુનિવર્સિટીને લગતા ઘણા કેસોની તપાસ શરૂ થઈ અને તે પછીનાં વર્ષોમાં ઘણી એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.ઘણા કેસો કોર્ટમાં પણ પહોંચ્યા હતા. ઉદાહરણ તરીકે, જુલાઈ ૨૦૧૯ માં ખેડૂતોની ફરિયાદોના આધારે યુનિવર્સિટીના વિસ્તરણ માટે જમીન હડપ કરવાના આરોપમાં આઝમ ખાન સામે અનેક FIR નોંધવામાં આવી હતી. આ કેસ હાલમાં વિવિધ અદાલતોમાં સુનાવણી હેઠળ છે. બીજો મોટો કેસ દુશ્મન સંપત્તિનો છે. સરકારનો આરોપ છે કે જૌહર યુનિવર્સિટીની સીમામાં આશરે ૧૩.૮૪ હેક્ટર દુશ્મન સંપત્તિનો સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આઝમ ખાન, જૌહર ટ્રસ્ટ અને અન્ય લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશના વહીવટીતંત્રે જૌહર યુનિવર્સિટી પર કેટલીક સરકારી જમીન પર અતિક્રમણ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. સમાજવાદી પાર્ટી આ કાર્યવાહીને રાજકીય બદલો ગણાવી રહી છે, જ્યારે રાજ્ય સરકાર કહી રહી છે કે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

આઝમ ખાનના સમર્થકો અને સમાજવાદી પાર્ટીના નેતાઓનું કહેવું છે કે જે ઇમારતો માટે નોટિસ જારી કરવામાં આવી છે તે એવા સમયે બનાવવામાં આવી હતી જ્યારે આ વિસ્તાર રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (RDA) ના અધિકારક્ષેત્રમાં આવતો ન હતો. તેમની દલીલ છે કે તે સમયે આ વિસ્તાર જિલ્લા પંચાયતના અધિકારક્ષેત્ર હેઠળ હતો અને RDAનું અધિકારક્ષેત્ર પાછળથી વધારવામાં આવ્યું હતું. તેથી, વર્તમાન નિયમોના આધારે જૂના બાંધકામોને ગેરકાયદેસર ગણી શકાય નહીં. વહીવટીતંત્ર પણ એ વાત સ્વીકારી રહ્યું છે કે યુનિવર્સિટી જે વિસ્તારમાં આવેલી છે તે વિસ્તાર અગાઉ જિલ્લા પંચાયતના અધિકારક્ષેત્ર હેઠળ હતો, પરંતુ વર્ષ ૨૦૨૪ માં તેને રામપુર વિકાસ સત્તામંડળ હેઠળ મૂકવામાં આવ્યો હતો. વહીવટીતંત્ર કહે છે કે જે ઇમારતો સામે નોટિસ જારી કરવામાં આવી છે તેના નકશા જિલ્લા પંચાયત દ્વારા મંજૂર પણ કરવામાં આવ્યા ન હતા. ફક્ત બે ઇમારતોના જ પ્લાન જિલ્લા પંચાયત દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આ હકીકતો સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ નિયમો અને નિયમોથી વાકેફ હતા, પરંતુ બાકીની ૩૮ ઇમારતોના પ્લાન મંજૂર કરાવવામાં આવ્યા ન હતા. તેથી, RDA એ ઇમારતો તોડી પાડવાનો આદેશ પસાર કર્યો છે.

યુનિવર્સિટીની વેબસાઇટ અનુસાર તેનું કેમ્પસ ૨૫૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. તે વિજ્ઞાન, કલા, કાયદો, શિક્ષણ, વાણિજ્ય, એન્જિનિયરિંગ, ફાર્મસી, પેરામેડિકલ, નર્સિંગ અને કૃષિના અભ્યાસક્રમો પ્રદાન કરે છે અને તેમાં લગભગ ૯૦ ફેકલ્ટી કાર્યરત છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું શું થશે? યુનિવર્સિટીમાં હાલમાં આશરે ૩,૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ઇમારતો તોડી પાડવાના પ્રયાસો વચ્ચે વહીવટીતંત્રે આ વિદ્યાર્થીઓને મદદ કરવા માટે ઉચ્ચ શિક્ષણ વિભાગનાં શિક્ષકોની એક ટીમ તૈનાત કરી છે.

જૌહર યુનિવર્સિટી મેનેજમેન્ટે રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (RDA) ના ૩૮ ઇમારતો તોડી પાડવાના આદેશ સામે મુરાદાબાદ ડિવિઝનલ કમિશનરની કોર્ટમાં અપીલ દાખલ કરી હતી. ૧૫ જુલાઈના રોજ RDA એ આ ઇમારતોને ગેરકાયદેસર અને બિનઆયોજિત જાહેર કરી હતી અને ૧૫ દિવસમાં તેમને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. ડિવિઝનલ કમિશનરની કોર્ટે યુનિવર્સિટી મેનેજમેન્ટની અરજી સ્વીકારી છે. આ કેસની સુનાવણી ૨૮ જુલાઈના રોજ ડિવિઝનલ કમિશનર અંજનેય કુમાર સિંહની કોર્ટમાં થશે. એવું માનવામાં આવે છે કે આઝમ ખાનનો પરિવાર આ આદેશ સામે અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. આ શક્યતાને ધ્યાનમાં રાખીને, રામપુર ડેવલપમેન્ટ ઓથોરિટીએ અલ્હાબાદ હાઈકોર્ટમાં કેવિયેટ દાખલ કરી છે. આનો અર્થ એ થયો કે જો યુનિવર્સિટી કોર્ટમાંથી રાહત માંગે છે, તો કોર્ટ પહેલાં RDAનો પક્ષ સાંભળ્યા વિના કોઈ વચગાળાનો આદેશ જારી કરી શકશે નહીં. એ નોંધવું જોઈએ કે બે પાન કાર્ડ કેસમાં દસ વર્ષની જેલની સજા ફટકાર્યા બાદ સપા નેતા મોહમ્મદ આઝમ ખાન ગયા વર્ષે નવેમ્બરથી રામપુર જેલમાં છે. તેમના પુત્ર અબ્દુલ્લા આઝમને પણ આ જ કેસમાં સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે.

સોમવારે સમાજવાદી છાત્ર સભાના વિદ્યાર્થી નેતાઓએ મહાત્મા ગાંધી કાશી વિદ્યાપીઠ કેમ્પસમાં જૌહર યુનિવર્સિટીના સમર્થનમાં એક સહી ઝુંબેશનું આયોજન કર્યું હતું. આ ઝુંબેશ દરમિયાન વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના અસ્તિત્વને ટકાવી રાખવાની માંગણી કરી હતી. ઝુંબેશમાં સામેલ વિદ્યાર્થી નેતાઓએ દલીલ કરી હતી કે જૌહર યુનિવર્સિટી સ્થાપિત ધોરણો અનુસાર સ્થાપિત થઈ હતી અને તેને તોડી પાડવી જોઈએ નહીં. સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી રહી છે. સમાજવાદી છાત્ર સભાના મહાનગર પ્રમુખ આયુષ યાદવે પ્રશ્ન કર્યો કે જો યુનિવર્સિટીમાં કોઈ ખામીઓ હતી તો સરકાર છેલ્લાં નવ વર્ષથી કેમ ચૂપ રહી હતી? સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે X પરની એક પોસ્ટમાં લખ્યું કે ભાજપ શિક્ષણમાં પણ સાંપ્રદાયિકતા જુએ છે. શિક્ષણ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણ પછીની નોકરીઓ ભાજપના એજન્ડામાં નથી. ભાજપ ક્યારે તેના નોંધાયેલ ન હોય તેવા સહયોગીઓની ગેરકાયદેસર ઇમારતો તોડી પાડશે? જ્યારે સહયોગીઓ પક્ષો પોતે નોંધાયેલા ન હોય, તો તેમની ઇમારતો, ઓફિસો અને સંસ્થાઓ કેવી રીતે કાયદેસર હોઈ શકે? કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઇમરાન પ્રતાપગઢીએ ભાજપ સરકાર પર નિશાન સાધતાં લખ્યું કે જો કોઈ યુનિવર્સિટી પાસે નકશો નથી, તો શું તમે બધી યુનિવર્સિટીઓને બુલડોઝરથી તોડી પાડશો? આ દેશમાં મોટા ભાગની જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરીઓ પાસે નકશો નથી, તો શું તમે તે બધીને જમીનદોસ્ત કરી દેશો? ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રિજેશ પાઠકે કહ્યું છે કે તેમની સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. સરકાર ખાતરી કરશે કે ક્યાંય પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જૌહર યુનિવર્સિટીની વેબસાઇટ અનુસાર તેનું કેમ્પસ ૨૫૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. યુનિવર્સિટીની ૯૦ ફેકલ્ટીમાં હાલમાં આશરે ૩,૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે**

# રાજ્યમાં જલાલપોરમાં સૌથી વધુ 6.61 ઈંચ વરસાદ

**નવસારી**-વલસાડમાં રેડ એલર્ટ, 35 NDRF-SDRF ટીમો તૈનાત

**વાંસદામાં** પાંચ ઈંચ વરસાદથી દક્ષિણ ગુજરાતમાં જળબંબાકારની સ્થિતિ

### છેલ્લા 24 કલાકમાં સરેરાશ 111 તાલુકાઓમાં વરસાદ

| તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| જલાલપોર | 6.61 |
| પારડી | 5.75 |
| વાંસદા | 5.04 |
| કપરાડા | 4.80 |
| ધરમપુર | 4.61 |
| ઉમરગામ | 4.49 |
| વલસાડ | 4.37 |
| ચીખલી | 4.08 |
| ગણદેવી | 3.95 |
| ખેરગામ | 3.84 |

ગાંધીનગરઃ રાજ્યમાં ચોમાસાએ ફરી જોર પકડતાં દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. મંગળવારે સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ 145 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં નવસારી જિલ્લાના વાંસદામાં આજે સૌથી વધુ 5 ઈંચ વરસાદ વરસ્યો હતો. બીજી તરફ છેલ્લા 24 કલાકમાં જલાલપોરમાં રાજ્યનો સૌથી વધુ 6.61 ઈંચ વરસાદ નોંધાતા દક્ષિણ ગુજરાતમાં નદી-નાળાઓમાં નવા નીરની આવક થઈ છે અને અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત બન્યું હતું. હવામાન વિભાગે આગામી ચાર દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી સાથે દક્ષિણ ગુજરાતમાં વિશેષ સતર્કતા રાખવા સૂચના આપી છે.

રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ 29.72 ટકા વરસાદ નોંધાયો છે, જ્યારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હજુ પણ 35 ડિગ્રી સુધી મહત્તમ તાપમાન નોંધાઈ રહ્યું છે. પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યમાં 11 NDRF અને 24 SDRF સહિત કુલ 35 બચાવ ટીમો તૈનાત રાખવામાં આવી છે.

# ઘૂમાશેલા બાદ હવે ચાંદખેડામાં દીપડો દેખાયો

**કેફેના** સંચાલકે કારમાં જતાં સમયે દીપડો જોયો હોવાનો દાવો, કારમાંથી જ ફોટોગ્રાફ લીધા અને વન વિભાગને જાણ પણ કરી

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં ફરી એકવાર દીપડાની હાજરીને લઈને ચર્ચા જાગી છે. શહેરના ઘુમા અને શેલા વિસ્તાર બાદ હવે ચાંદખેડા-ઝુંડાલ વિસ્તારમાં દીપડો દેખાયો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ચાંદખેડામાં મોડી રાત્રે દીપડો દેખાયો હોવાના સોશિયલ મીડિયામાં ફોટો વાયરલ થતાં સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે, વન વિભાગે હજુ સુધી દીપડાની હાજરીની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

20 જુલાઈની મધરાતે આશરે 2 વાગ્યાના અરસામાં ઝુંડાલથી વૈષ્ણોદેવી બ્રિજ ઉતરીને એસ.પી. રિંગ રોડ ગરનાળા પાસે, ચાંદખેડા સ્થિત માધવ હોમ્સ સામે એક કેફેના સંચાલકે કારમાં જતાં સમયે દીપડો જોયો હોવાનો દાવો કર્યો છે. તેમણે કારમાંથી જ તેનો ફોટોગ્રાફ લીધો હતા, અને તરત જ વન વિભાગને જાણ પણ કરી હતી.

આ ઘટનાનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચાંદખેડા, ઝુંડાલ અને આસપાસના વિસ્તારોના રહેવાસીઓમાં ચિંતા વધી છે. વન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે માત્ર વાયરલ તસવીરના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં. સ્થળ પર તપાસ અને પુરાવા મળ્યા બાદ જ સત્તાવાર રીતે દીપડાની હાજરી અંગે કંઈ કહી શકાશે.

આ અંગે વન વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે ચાંદખેડા-ઝુંડાલ સંપૂર્ણપણે શહેરી વિસ્તાર હોવાથી ઘુમા-સાણંદ પંથકમાંથી દીપડો અહીં પહોંચ્યો હોવાની શક્યતા ખૂબ જ ઓછી છે.

હાલમાં આ વિસ્તારમાં દીપડાની હાજરીના કોઈ ચોક્કસ પુરાવા મળ્યા નથી. તેમ છતાં, જ્યાં સુધી સંપૂર્ણ ખાતરી ન થાય ત્યાં સુધી વન વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવશે.

# BUSINESS મિત્ર

### શેરબજારમાં બેઉતરફી ઘમાસાણ પણ બ્રોડર માર્કેટમાં તેજીથી રોકાણકારોને ચાંદી: રૂ. ૨ લાખ કરોડની કમાણી

# ક્રૂડમાં ઉછાળો અને HDFC બેન્કના ઘટાડાથી નિફ્ટી-સેન્સેક્સ તૂટ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: નિફ્ટી વીકલી એક્સપાયરીની અસર શેરબજાર પર જોવા મળી હતી. આજે બેઉતરફી વધઘટ વચ્ચે છેલ્લે શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ અને નિફ્ટી નબળા હોવા છતાં રોકાણકારોએ રૂ. બે લાખ કરોડની કમાણી કરી હતી.

ઈરાન-અમેરિકા યુદ્ધના પગલે ક્રુડ ઓઈલ વધુ ઉછળ્યું હતું. જેના લીધે આજે સતત બીજા દિવસે શેરબજારમાં નરમાઈનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં એચડીએફસી બેન્ક કે જેન એડીઆરમાં 10 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો, જેથી આજે નબળા શેરોમાં એચડીએફસી બેન્કે આગેવાની લીધી હતી. જેના પરિણામે નિફ્ટી 24150 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી. તેની પાછળ અન્ય સેકટરોમાં પણ વેચવાલીનું દબાણ જોવાયું હતું. આમ છતાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ રૂ. 482 લાખ કરોડથી વધીને રૂ. 484 લાખ કરોડ પર પહોંચી ગયું છે. બ્રોડર માર્કેટમાં સુધારો આગળ વધ્યો હતો, જેનું ફ્રન્ટલાઈન શેરો કરતા સારૂં પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.34 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.19 ટકા સુધારા સાતે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2194 શેરો વધ્યા હતા, જ્યારે 2015 શેરો ઘટયા હતા અને 199 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 28 સેન્ટ વધીને 89.50ના સ્તરે બોલાતો હતો. બીએસઈ સેન્સેક્સ 238.41 પોઈન્ટ એટલે કે 0.31 ટકા ઘટીને 77470.11 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77753 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77337 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 50.80 પોઈન્ટ એટલે કે 0.21 ટકા ઘટીને 24187.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24262 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24135 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 109.65 પોઈન્ટ એટલે કે 0.19 ટકા ઘટીને 57835.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે એક્સન કન્સ્ટ્રકશન ઈક્વીપમેન્ટમાં 11.33 ગણા, શોભા લિ.માં 11.12 ગણા, વેદાન્ત ફેશનમાં 10.83 ગણા, નારાયણા હ્રદયાલયામાં 5.87 ગણા, મીશા લિ.માં 4.99 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કરૂર વૈશ્ય બેન્કમાં 26.75 ગણા, એકશન કન્સ્ટ્રકશન ઈક્વીપમેન્ટમાં 16.94 ગણા, શોભા લિ.માં 11.35 ગણા, કેનેરા એચએસબીસીમાં8.6 ગણા અને યુનાઈટેડ બ્રેવરેજીસમાં 4.9 ગણા કામકાજ નોંધાયા છે. પીએસયુ બેન્ક શેરોમાં વેચવાલી હાવી રહી હતી. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.88 ટકા ઘટ્યા હતા. જે છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં સુધર્યા હતા. આજના કારોબારના દિવસ દરમ્યાન બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક, કેનેરા બેન્ક, ઈન્ડિયન બેન્ક અને પંજાબ એન્ડ સિંધ બેન્ક તથા સેન્ટ્રલ બેન્ક ઘટયા હતા, બીજી તરફ, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, યુકો બેન્ક અને ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક સુધર્યા હતા. વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 184 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકન બજાર પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

### રૂપિયામાં રીકવરી, 22 પૈસા વધ્યો

અમેરિકા-ઇરાન વચ્ચે તણાવમાં થોડીક રાહતના અહેવાલના પગલે રૂપિયામાં રીક્વરી જોવા મળી હતી. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 22 પૈસા સુધરીને 96.24ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.46ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.35, પાઉન્ડ 130.04, કેનેડિયન ડોલર 68.24, ઓસ્ટ્રેલિયન ડોલર 67.35, જાપાનીઝ યેન 0.5915, સીંગાપોર ડોલર 74.59ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 96.22 રૂ. |
| યુરો | 109.35 રૂ. |
| પાઉન્ડ | 128.30 રૂ. |
| યેન | 0.5915 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -238.41 | 77470.11 |
| નિફ્ટી | -50.80 | 24187.70 |
| બેન્ક નિફ્ટી | -109.65 | 57835.35 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 2.52 | 1061.50 |
| બજાજ ફિનસર્વ | 2.10 | 1900.60 |
| આઇશર મોટર | 1.67 | 7689.50 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.60 | 12094.00 |
| એચસીએલ ટેકનો | 1.49 | 1239.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 2.08 | 761.45 |
| એસબીઆઇ | 1.47 | 1044.40 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.47 | 1303.70 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.40 | 1206.00 |
| ટીસીએસ | 1.33 | 2221.10 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફિનસર્વ | 2.07 | 1900.40 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.57 | 5310.15 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.42 | 12067.05 |
| એચસીએલ ટેકનો | 1.32 | 1237.10 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.18 | 3202.25 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 2.08 | 761.45 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.48 | 1303.65 |
| એસબીઆઇ | 1.48 | 1044.25 |
| ટીસીએસ | 1.32 | 2220.50 |
| ઇન્ફોસીસ | 1.24 | 1073.40 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ.** | | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

### યુરી ફેડકિવ મુંબઇમાં અમેરિકાના નવા કોન્સલ જનરલ



મુંબઈઃ યુરી આર. ફેડકિવ મુંબઈ, ભારતમાં અમેરિકાના નવા કોન્સલ જનરલ (CG) બન્યા છે. તેમણે ૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ પોતાનો કાર્યભાર સંભાળ્યો હતો. મુંબઈ આવ્યા પહેલાં, કોન્સલ જનરલ ફેડકિવે બર્ન, સ્વિટ્ઝર્લૅન્ડ ખાતે રાજકીય-આર્થિક બાબતોના કાઉન્સિલર અને સ્વિસ કન્ફેડરેશન તથા પ્રિન્સિપાલિટી ઓફ લિક્ટેંસ્ટેઇન સાથેના સંબંધો સંભાળતા લાંબા ગાળાના એક્ટિંગ ડેપ્યુટી ચીફ ઓફ મિશન તરીકે સેવા આપી હતી. કન્સ્યુલ જનરલ ફેડકિવની અગાઉની રાજદ્વારી કામગીરીમાં યુક્રેન, પોલેન્ડ, ઇરાક, સ્લોવેનિયા અને જાપાન સ્થિત અમેરિકી દૂતાવાસોનો સમાવેશ થાય છે, જ્યાં તેમણે રાજકીય, આર્થિક, વ્યાપારી, રાજકીય-સૈન્ય, સહાય, કાયદાનો અમલ, અપ્રસાર, તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતી બાબતો પર કામ કર્યું હતું. ભારતમાં તેઓ દ્વિપક્ષી સહકાર માટે પ્રાદેશિક નેતાગીરી અને હિતધારકો સાથે કામ કરવાની આશા રાખે છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-30 | ૫૦૦૦ |
| એસ-30 | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૬૮૦ |
| તેજાબી સોનું | ૧૪૭૫૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૩૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૭૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૬૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૦૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૨૨૦૦ |

# ક્રૂડ ઓઈલ $૧૨૦થી $૨૦૦ સુધી ભડકી શકે છેઃ ગોલ્ડમેન સાક્સની ચેતવણી

**ઈરાન-અમેરિકા** વિવાદથી ભારતીય અર્થતંત્ર, રૂપિયો અને શેરબજાર પર જોખમના વાદળો

નવી દિલ્હી, તા. 21

અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવની સ્થિતિ ચાલુ રહેશે તો ક્રુડ ઓઈલના ભાવ 120 ડોલરને કુદાવી દેશે તેવી ગોલ્ડમેન સાક્સે ચેતવણી આપી છે. જેની અસર ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવો ઉપરાંત આયાત બિલ અને મોંઘવારી પર જોવા મળશે.

ગોલ્ડમેન સાક્સે ક્રુડ ઓઈલના ભાવમાં મોટા વધારાની ચેતવણી આપી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ સંકટને કારણે બ્રેન્ટ ક્રૂડની કિંમત 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.

ઈરાન-અમેરિકાનો તણાવ વધી રહ્યો છે, જેની અસર ક્રુડના ભાવ પર પણ પડી રહી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને લેજન્ડરી ઈન્વેસ્ટમેન્ટ બેન્ક ગોલ્ડમેન સાક્સે ચેતવણી આપી છે કે, જો હોર્મુઝ સ્ટ્રેટમાં સપ્લાય કટોકટી ચાલુ રહેશે તો ચાલુ વર્ષના ચોથા ક્વાર્ટરમાં બ્રેન્ટ ક્રુડની કિંમત 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. આજે સાંજે 4.45 વાગ્યા સુધીમાં, એટલે કે 21 જુલાઈ, 2026 સુધીમાં, ડબલ્યુટીઆઈ ક્રુડની કિંમત 1.05 ટકા વધીને 83.40 ડોલર પ્રતિ બેરલ થઈ હતી. બ્રેન્ટ ક્રુડ 1.19 ટકા વધીને 90.31 ડોલર પ્રતિ બેરલ થયું હતું. ઘણા વિશ્લેષકોએ ચેતવણી પણ આપી છે કે જો આ તણાવ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો બ્રેન્ટ ક્રુડની કિંમત 150થી 200 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.

ભારત માટે સૌથી મોટી ચિંતા એ છે કે આપણે આપણી કુલ ક્રુડ ઓઈલની જરૂરિયાતના 85 ટકા અન્ય દેશો પાસેથી ખરીદીએ છીએ. આવી સ્થિતિમાં ક્રુડના ભાવમાં એક ટકાનો વધારો થાય તો પણ ભારતનું આયાત બિલ વધી જાય છે.

આયાત બિલમાં વધારો એટલે ચાલુ ખાતાની ખાધમાં વધારો, જેના કારણે મોંઘવારીની ચિંતા પણ વધવા લાગે છે. રૂપિયો પણ દબાણમાં છે. શેરબજાર પર પણ આની અસર પડી છે. જો મીડલ ઈસ્ટના તણાવને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં પણ આવો જ વધારો થાય છે તો આગામી સમયમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરી શકે છે.

# ઓઈલ $૯૦ને પાર અને અલ-નિનોના કારણે મોંઘવારી વધવાની ભીતિ

**આઈએમએફે** GDP ગ્રોથ રેટનો અંદાજ ઘટાડીને ૬.૪% કર્યો

નવી દિલ્હી, તા. 21: આઈએમએફે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના જીડીપી વૃદ્ધિદરને ઘટાડી દીધો છે. ઈરાન-અમેરિકા વચ્ચે ફરીથી તણાવ વધતા ક્રુડ ઓઈલના ભાવ 90 ડોલરની ઉપર નીકળી ગયા હોવાથી તેની અસર ભારતીય અર્થવ્યવસ્થા ઉપર જોવા મળશે. જો ક્રુડ ઓઈલ 85 ડોલરની આસપાસ રહે તો ભારતીય અર્થવ્યવસ્થાને મોટી અસર પડે નહીં, પણ 85 ડોલરની ઉપર જાય તો જ અર્થતંત્રને અસર પડે તેમ છે.

જેથી આઈએમએફ દ્વારા ભારતના જીડીપી વૃદ્ધિદરને 10 બેસીસ પિન્ટનો ઘટાડો કરીને 6.4 ટકા કરી દીધો છે. જ્યારે ત્યારબાદના વર્ષ 2027-28 માટે 20 બેસીસ પોઈન્ટનો વધારો કરીને 6.7 ટકા કરી દીધો છે. ભારત અને ભૂટાન માટે આઈએમએફના વરિષ્ઠ નિવાસી પ્રતિનિધિ રાનિલ સાલ્ગાડોએ 20 જુલાઈએ રોઈટર્સને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ઘટાડાનું જોખમ બેગણુ છે, ફરી લડાઈ શરૂ થિ ગિઈ છે, જેના કારણે ક્રુડ ઓઈલના ભાવ પર અસર પડી રહી છે. ગત સપ્તાહે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમત 90 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી. હોર્મુઝના મામલે અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી વાટાઘાટો થઇ રહ્યો છે અને ફરીથી સમજૂતી થવાની સંભાવનાએ ક્રુડ ઓઈલના ભાવમાં થોડીક નરમાશ જોવા મળી હતી. આ દરમ્યાન હુથી બળવાખોરોએ સાઉદી અરેબિયાના ઓઈલના માર્ગો બંધ કરવાની ધમકી આપી છે.

આઈએમએફનું કહેવું છે કે, વૈશ્વિક અનિશ્ચિતતાના કારણે ક્રુડના ભાવ ઉછળી રહ્યા છે, તેની સાથે અલ નીનોની પણ અસર રહેશે. જેના કારણે નબળા ચોમાસાની ભીતિએ ગ્રામીણ અર્થતંત્રને સીધી અસર કરી શકે છે. જોકે, ભારત સરકારની નાણાકીય સ્થિતિની હાલત અંતિમ તબક્કામાં જાહેર થશે.